# ચંદ્રાલા ખાતે જિલ્લા વન મહોત્સવ ઉજવાયો

ગાંધીનગર, તા. ૨૯

વૈશ્વિક સમસ્યા એવી ગ્લોબલ વોર્મિંગની અસરના કારણે હાલના સમયમાં ઋતુઓને નક્કી કરવી અઘરી બની ગઈ છે. આ સમસ્યાને નાથવા માટે વૃક્ષો વાવવા એ આપણી પાસે એકમાત્ર ઉપાય છે. ગાંધીનગર જિલ્લાના ચંદ્રાલાની સી.કે. પટેલ વિધાસંકુલમાં જિલ્લા કક્ષાના ૬૯મા વન મહોત્સવ- ૨૦૧૮ને આરંભ કરાવતાં પાણી પુરવઠા રાજયમંત્રી અને જિલ્લા પ્રભારીમંત્રી પરબતભાઈ પટેલે જણાવ્યું હતું.

પાણી પુરવઠા રાજયમંત્રી પરબતભાઈ પટેલે વધુમાં જણાવ્યું હતું કે, દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ગુજરાત રાજયના મુખ્યમંત્રી હતા ત્યારે તેમણે રાજયમાં કલાઈમેન્ટ ચેન્જ નામનો એક અલગ જ વિભાગની શરૂઆત કરી હતી. રાજયના નાગરિકોમાં પર્યાવરણ બચાવવાની જાગૃતિ આવવાથી આજે લાકડાની જગ્યાએ ઘરમાં પ્લાસ્ટિક અને સ્ટીલનો વપરાશ ફર્નિચરમાં વધી રહ્યો છે. તે વાત બહુ જ સારી છે.



નાયબ વન સંરક્ષક અતુલભાઈ અમીને જણાવ્યું હતું કે, જિલ્લામાં વન મહોત્સવ માટે જિલ્લાની ૧૫ નર્સરીમાં ૨૨.૫૦ લાખ જેટલા રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું છે. તેમજ ધરોઈ, વિજાપુર અને વાત્રક નદીના કાંઠા વિસ્તારમાં ૭.૮૦ લાખ જેટલા રોપાઓનું વાવેતર કરવામાં આવી રહ્યું છે. તે ઉપરાંત તા. ૨ ઓગષ્ટ, ગાંધીનગરના સ્થાપના દિનથી જિલ્લામાં વૃક્ષ રથ યાત્રાનો આરંભ થશે, આ રથ યાત્રા તા. ૧૧મી ઓગષ્ટ સુધી જિલ્લાના ગામે ગામ રોપાઓનું વિતરણ કરશે.

આ પ્રસંગે મહાનુભાવોના સ્વાગત ૪૨/૮૪ કડવા પાટીદાર સમાજના પ્રમુખ અશોકભાઈ જી. પટેલે કર્યું હતું. કાર્યક્રમના અંતે એસીએમ, ગાંધીનગર એન.વી. ચૌધરીએ આભારવિધી કરી હતી.

આ પ્રસંગે મંત્રી પરબતભાઈ પટેલ અને મહાનુભાવોના હસ્તે શાળા સંકુલમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. મંત્રીએ વૃક્ષારોપણ કરવામાં આવેલી જગ્યાને ગુરૂપૂજયવન તરીકે ઓળખ આપી હતી.

આ પ્રસંગે ગાંધીનગર(દ)ના ધારાસભ્ય શંભુજી ઠાકોર, જિલ્લા પ્રભારી સચિવ સંજીવકુમાર, ગાંધીનગર વન વર્તુળના મુખ્ય વનસંરક્ષક જી. રમણમૂર્તિ, જિલ્લા વિકાસ અધિકારી હિતેષ કોયા, ગાંધીનગર પ્રાંત અધિકારી ઋતુરાજ દેસાઈ, ચંદ્રાલાના સરપંચ વિનુભાઈ એસ. પટેલ, ૪૨/૮૪ કડવા પાટીદાર સમાજના અગ્રણી સર્વ જોઈતારામભાઈ એસ. પટેલ, મનુભાઈ પટેલ, રામકૃષ્ણ ડી. પટેલ સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યાં હતાં.



## સેક્ટર-૨૩, સ્વામિનારાયણ મંદિરમાં હિંડોળા મહોત્સવનો પ્રારંભ

આપણા હિંદુ ધર્મનાં વિવિધ સંપ્રદાયોમાં વિવિધ ઉત્સવોનું મહત્વ રહ્યું છે, વર્તમાન સમયે હિંડોળા મહોત્સવની શુભ શરૂઆત થઈ છે. અષાઢવદ-બીજ થી શ્રાવણ વદ-બીજ, એક મહિનો ચાલનારા આ હિંડોળા મહોત્સવમાં વિવિધ શણગાર સજાવેલ હિંડોળામાં ભગવાનને ભક્તો ભાવથી ઝુલાવે છે. સે-૨૩, સ્વામિનારાયણ મંદિરમાં પ્રતિ વર્ષ હિંડોળા મહોત્સવ ખુબજ ભક્તિ-ભાવપૂર્વક ઉજવાય છે. સંતો અને ભક્તો દ્વારા વિવિધ કલાકૃતિનું સર્જન કરી ભગવાનને ભાવથી ઝુલાવાય છે. ગાંધીનગરમાં સે-૨૩, મંદિરનાં હિંડોળા દર્શનનું વિશેષ આકર્ષણ ભાવિકોમાં રહેલું છે, પ્રથમ દિવસે જ પ્રાકૃતિક વ્રુક્ષ-વેલીની ઘટાના હિંડોળામાં ભગવાનને પધરાવી ભાવથી ઝૂલવામાં આવ્યા. મોટી સંખ્યામાં ભક્તોની ભીડ હિંડોળા દર્શન માટે થતી હોય છે. હિંડોળા દર્શનનો સમય દરરોજ સાંજે ૫:૦૦ થી ૮:૧૫ રાખવામાં આવેલ છે.

## ડો.બાબા સાહેબ આંબેડકર નામાભિધાન માટે સરકાર સમક્ષ આંબેડકર જન્મજયંતિ મહોત્સવ સમિતિએ રજુઆત કરી

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર રાજયનું પાટનગર છે, ગાંધીનગર શહેરના મુખ્ય રાજમાર્ગો, મુખ્ય સર્કલો તેમજ શાળા-કોલેજ અને સરકારી ઈમારતો સાથે અન્ય મહાપુરુષોના નામકરણની મંજુરી ત્વરીત મળી જાય છે. જયારે બંધારણના ઘડવૈયા ડો.બાબા સાહેબ આંબેડકરનું નામાભિધાન કરવા માટે સમિતિ દ્વારા છેલ્લા ૧૦ વર્ષથી લેખિત રજુઆત મુખ્યમંત્રી, મંત્રીકક્ષાએ, મેયર, કલેકટર સહિત ઉચ્ચકક્ષાએ કરવા છતા હજુ સુધી કોઈ યોગ્ય નિર્ણય આવ્યો નથી.

સરકાર દ્વારા ડો.આંબેડકરના નામાભિધાન માટે ઉપેક્ષા થઈ રહી હોય તેમ લાગી રહ્યું છે. જયારે વિશ્વના દેશો ડો.આંબેડકરના વિચારોને અનુસરી રહ્યા છે, અને કોલંબીયા યુનિવર્સિટીએ પણ જેમને સિમ્બોલ ઓફ નોલેજ તરીકે નવાજયા છે, અને સ્ટેચ્યુ પણ મુકવામાં આવ્યું છે. ત્યારે તંત્ર દ્વારા સત્વરે ડો.બાબા સાહેબનું નામાભિધાન કરવામાં નહીં આવે તો સમિતિ દ્વારા આંદોલન કરવા ન પડે તેને ધ્યાને રાખીને શહેરના માર્ગો તેમજ મુખ્ય સર્કલો તેમજ શાળા કોલેજ કે સરકારી ઈમારતો સાથે ડો.બાબા સાહેબનું નામાભિધાન કરવા સમિતિના મહામંત્રી વિઠ્ઠલભાઈ પરમારે જણાવ્યું છે.




ગાંધીનગરના સેકટર-૧૬ સ્થિત સિદ્ધાર્થ લૉ કોલેજ ખાતે પ્રિન્સિપાલ ડૉ. દિલીપ મેવાડા દ્વારા નવતર પ્રયોગના ભાગરૂપે ''સમાચારોમાં કાયદો'' વિષયે પ્રથમ અને દ્વિતિય વર્ષના વિદ્યાર્થીઓ માટે 'ન્યુઝ અને વ્યુઝ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતુ. કાર્યક્રમના સમાપને વિદ્યાર્થીઓએ ટ્રાફિકના નિયમોનું પાલન કરવાના શપથ લીધા હતા.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




ડેડી... અમને સંતોષ છે સ્કૂલવાળા તરફ... અને તમે પણ ફી વધારા માટે સ્કૂલવાળાને હેરાન કરતા નથી...!

## રાયપુર ગામે ૨૮૦ ગેસ કનેક્શન વિતરણ કરાયા

આજરોજ ડભોડા પાસે આવેલા રાયપુર ગામે પ્રધાનમંત્રી ઉજજવલા યોજના અંતર્ગત મફત ગેસ વિતરણ કનેક્શનનો કાર્યક્રમ યોજાયો હતો. રાયપુર ગામે અગાઉ યોજના હેઠળ ૬૦ કનેક્શન આપવામાં આવ્યા હતા. જ્યારે આજે વધુ ૨૮૦ કનેક્શન ભાજપ કિસાન મોરચાના પ્રદેશ મંત્રી હિતેન્દ્ર પટેલના હસ્તે આપવામાં આવ્યા હતા. રાયપુર ગામમાં કુલ ૬૦૦ કનેક્શન મંજૂર થયા છે. ગુ.પ્ર. કિ.મો. મંત્રી હિતેન્દ્ર પટેલે જણાવ્યુ હતુ કે પહેલાના સમયમાં ચુલા પર રોટલા બનાવતા હતા. જેમાં ઘણીવાર સોમાસાની સીઝનમાં બળતણને લઈ મહિલાઓને ભારે પરેશાની વેઠવી પડતી હતી.

## મધ્યાહન ભોજન યોજનાના કર્મચારીઓના પ્રશ્નો નહીં ઉકેલાય તો શહેરમાં ૧૬મી ઓગસ્ટે મહારેલી

ગાંધીનગર, તા.૨૯

ગુજરાત રાજયમાં ચાલતી મધ્યાહન ભોજન યોજનાના કર્મચારીઓ છેલ્લા ત્રણ દાયકાથી સામાન્ય વેતનમાં કામ કરી રહ્યા છે. યોજનાના કર્મચારીઓના છેલ્લા ઘણા સમયથી પડતર પ્રશ્નો છે જેનો આજદિન સુધી ઉકેલ આવ્યો નથી. મધ્યાહન ભોજનના કર્મચારીઓએ અનેકવાર લેખિત તેમજ મૌખિક રજુઆતો મુખ્યમંત્રી, શિક્ષણમંત્રી અને મધ્યાહન ભોજન યોજનાના કમિશનરને કરી ચુક્યા છે. પરંતુ આજદિન સુધી તંત્ર દ્વારા કર્મચારીઓની માંગણીઓને ધ્યાને લેવામાં આવી નથી. જેથી કર્મચારીઓમાં રોષ ભભુકી ઉઠ્યો છે. ત્યારે તેઓએ સરકારને ૧૫ ઓગસ્ટ સુધી તમામ પ્રશ્નોનું નિરાકરણ લાવવા માટે જણાવ્યું છે અને જો નહીં આવે તો શહેરની સત્યાગ્રહ છાવણી ખાતે મહારેલી અને ધરણાનો કાર્યક્રમ યોજાશે. આ મહારેલીમાં રાજયભરમાંથી યોજનાના હજ્જારો કર્મચારીઓ પોતાના પરિવાર સાથે હાજર રહેશે તેમ ઓલ ગુજરાત રાજય મધ્યાહન ભોજન કર્મચારી મંડળ દ્વારા જણાવાયું છે.

ઓલ ગુજરાત રાજય મધ્યાહન ભોજન કર્મચારી મંડળના પ્રમુખ કિશોરચંદ્ર જોશી જણાવે છે કે સરકાર દ્વારા તાજેતરમાં એક સુત્રતા માટે નવું મેનું અમલમાં લાવવામાં આવ્યું છે, જેમાં કેટલીક વિસંગતતા છે. જુના મેનું ના બે ભાગ કરી દીધા છે. જેમાં એક નાસ્તો અને ભોજન..આ બંન્નેમાં સમય નક્કી કરાયો નથી, કયારે ભોજન આપવું અને કયારે નાસ્તો.નવા મેનુંમાં ભોજનમાં થેપલા અને સુકી ભાજી છે. ૧૦૦ બાળકો માટે થેપલા અને સુકી ભાજી બનાવવા માટે ૩ કલાકથી વધુ સમય થાય છે અને સામાન્ય વેતનમાં રસોઈયા કે મદદનીશ કોઈ રહેવા માંગતુ નથી. જયારે નાસ્તામાં ચણાચાટની વાનગી છે ત્યારે બજારમાં ડુંગળી અને ટામેટાનો ભાવ આસમાનને આંબી રહ્યો છે. જેથી એક વિદ્યાર્થી માટે ૯૦ પૈસા ખર્ચ થાય છે. જયારે રાજય સરકાર દ્વારા ધો-૧ થી ૫ ના બાળકો માટે રૂ.૧.૫૫ પેશગી આપવામાં આવે છે.

જયારે જુના મેનું અને ભાવમાં નવું મેનું અશકય વસ્તુ છે. ત્યારે નવા મેનું ને અનુરુપ ચીજવસ્તુઓ આપવી જેમાં ભોજન અને નાસ્તાનો ટાઈમ નક્કી કરવો, કર્મચારીઓના વેતનમાં વધારો કરવો, નવા મેનુને આધારી સાધન સામગ્રી આપવી, મધ્યાહન ભોજન યોજનાના કર્મચારીઓની છેલ્લા ઘણા વર્ષોથી પડતર માંગણીઓ છે જેમનો ઉકેલ ન આવતા મંડળ દ્વારા ૧૫ ઓગસ્ટ સુધીનો તંત્રને સમય આપવામાં આવ્યો છે જો કર્મચારીઓના પ્રશ્નનો હકારાત્મક ઉકેલ નહીં આવે તો તા.૧૬ ઓગસ્ટના રોજ ગાંધીનગર શહેરની સત્યાગ્રહ છાવણી ખાતે મધ્યાહન ભોજન યોજનાના કર્મચારીઓની મહારેલી યોજાશે.

# ગુજરાતના પાડોશી રાજ્યોમાંથી શરાબ પણ આવે અને ટાઈગર પણ આંટા મારી જાય છે

**ટાઈમ લાઈન - ગૌતમ પુરોહિત**

ગુજરાતનીસરહદને અડીને ત્રણ જિલ્લા રાજસ્થાન, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્ર આવે છે. આ ત્રણેય જિલ્લાઓમાં વાઘ એટલે કે ટાઈગર સેન્ચ્યુરી છે. ૧૯૮૫માં અંબાજીમાં જ્યારે ટાઈગર દેખાયો હતો ત્યારે એવું અનુમાન હતું કે રાજસ્થાન બોર્ડરથી તે ગુજરાતમાં પ્રવેશ્યો હશે. હવે જ્યારે તાજેતરમાં તાપી જિલ્લામાં વાઘના ફુટપ્રિન્ટ મળ્યા છે અને બે વ્યક્તિએ ટાઈગરને જોયો છે ત્યારે એવું માનવામાં આવે છે કે મહારાષ્ટ્રના બોર્ડર વિસ્તારમાંથી તે ગુજરાતમાં પ્રવેશ્યો હોઈ શકે છે. ગુજરાત માટે આ સારી નિશાની એટલા માટે છે કે રાજ્યમાં જો દક્ષિણ ગુજરાતમાં ટાઈગર સેન્ચ્યુરી બનાવવામાં આવે તો ત્યાં ટાઈગરનો વસવાટ શક્ય બને છે. મહારાષ્ટ્રના નંદુરબાર જિલ્લામાંથી આ ટાઈગર ગુજરાતમાં પ્રવેશ્યો હશે, તેણે એક વ્યક્તિને ઘાયલ કરી દીધો છે. આપણા તાપી, નર્મદા અને ડાંગ જિલ્લાના ફોરેસ્ટને એલર્ટ કરી દેવામાં આવ્યું છે. ગુજરાતમાં વાઘ માટે અનુકૂળ વાતાવરણ કચ્છના બન્નીમાં છે. સાબરકાંઠાના જંગલોમાં છે અને દક્ષિણ ગુજરાતના ડાંગમાં છે. એક ફોરેસ્ટ અધિકારીએ કહ્યું હતું કે મધ્યપ્રદેશની સરકાર આપણા સિંહ લેવા માટે કાનૂની જંગ ખેલતી હોય તો આપણે પણ મધ્યપ્રદેશના વાઘને ગુજરાતમાં વસાવવાની દરખાસ્ત કરવી જોઈએ. મજાની બાબત એવી છે કે આપણા પડોશી રાજ્યોમાંથી ચોરીછુપીથી દારૂ પણ આવે છે અને હવે ટાઈગર પણ એ રીતે આવે છે, કારણ કે આપણે ટાઈગરથી ઘેરાયેલા છીએ.

### વિક્રમ રાજા વેશપલટો કરીને નગરચર્ચાએ નિકળતા હતા, આજે તેનું સ્થાન મોબાઈલે લીધું છે

**સરકાર કેવી ચાલે છે તે જોવા એપ્લિકેશન બનાવો...**

પહેલાના સમયમાં મોંઘવારી કે સરકાર સામે રોષ કાઢવો હોય તો આંદોલન થતાં હતા. ચૂંટણી હોય ત્યારે નેતાઓના ભાષણ સાંભળવા લોકો ખાસ જતા હતા. હવે એ જમાનો ગયો, લોકો પાસે ટાઈમ નથી. હા, ગરીબ જનતાને તમે લાલચ આપશો તો તમારા વાહનમાં બેસીને કલાકો સુધી નેતાની રાહ જોતી સભા મંડપમાં બેસી રહેશે પરંતુ હવે સ્વયંભૂ કોઈ આવે નહીં. લોકોની યાતના જોવા માટે વિક્રમ રાજા રાત્રે વેશપલટો કરીને નિકળી પડતા હતા. હવે તેનું સ્થાન એપ્લિકેશને લીધું છે. મોબાઈલ એપ્લિકેશન અને સ્માર્ટ ફોનનો જમાનો છે. સરકાર એવી એપ્લિકેશન બનાવે તે લોકો તેમની ફરિયાદો તેમાં રજીસ્ટર્ડ કરાવે તો ખબર પડશે કે રાજ્યમાં શું ચાલી રહ્યું છે. સરકારે પબ્લિક સાથે સીધો સંપર્ક હોય તેવા વિભાગોમાં મોબાઈલ એપ્સ બનાવીને લોકોની ફરિયાદોનું નિરાકરણ કરવું જોઈએ. પેપરલેસ સરકારે ફાઈલોમાંથી બહાર આવીને લોકોની ભલાઈ માટે આટલું કરવું જોઈએ, જો તેમ થાય તો ભાજપની સરકારને કોઈ ઉખાડી શકશે નહીં, પછી ભલે મુખ્યમંત્રી પાર્ટીનો કોઈપણ વ્યક્તિ હોય...

**મધ્યમ વર્ગનો માનવી મહિને ૭૦૦ ટેક્સ ભરે છે...**

સામાન્ય જનતા ટેક્સના ભારણમાં દબાતી જાય છે. જેને લોન લીધી નથી તેને લોનના હપ્તા જેવું લાગે છે. કહેવાય છે કે રોજ નવી સવાર પડે ત્યારે મધ્યમવર્ગનો પરિવાર ૭૦૦ રૂપિયાનો ટેક્સ ભરે છે. આ રકમમાં સરકારી તમામ ટેક્સ આવી જાય છે. મધ્યમ વર્ગનું જીવન દોહ્યલુ બની રહ્યું છે. જીએસટીના અમલ પછી વન નેશન-વન ટેક્સનું ભાજપની કેન્દ્ર સરકારે સૂત્ર આપ્યું છે પરંતુ હજી તો ઈન્કમટેક્સ, વેલ્યુ એડેડ ટેક્સ, સેસ, એક્સાઈઝ, કસ્ટમ જેવા અનેક ટેક્સના ભારણ લોકો પર છે. અધુરામાં પૂરૂં હોય તેમ કોર્પોરેશનના ટેક્સ પણ છે. જે સોસાયટીમાં રહે છે ત્યાં મેઈનટેનન્સ છે. વિવિધ બીલોનો બોજો છે. મોંઘવારીએ માઝા મૂકી છે. પ્રત્યેક ચીજમાં ટેક્સ લેવાય છે. આવા માહોલમાં ભાજપના એક કાર્યકરે બહુ સરસ વાત કરી છે. ભાજપના ૨૮ વર્ષ જૂના એક કાર્યકરે કહ્યું છે કે ''જો મધર બચ્ચા પેદા કરતી હૈ ઉસ પર જીએસટી લગના ચાહિયે, બેટી પેદા કરે તો જીએસટી મેં સે મુક્તિ મિલની ચાહિયે..'' વાત નાની છે પણ સમજણ મોટી છે. બેટી બચાવો અભિયાનને ચરિતાર્થ કરતી આ બાબત છે. સરકાર ટેક્સ વસૂલી તેની તિજોરી ભરે છે પરંતુ મધ્યમ વર્ગનું પાકીટ ખાલી થતું જાય છે. આ વર્ગ બેન્કલોનના દેવામાં ડૂબતો જાય છે. ૨૦૧૪ની ચૂંટણીમાં મધ્યમવર્ગનું જીવન સુધારીશું તેવો વાયદો અચ્છે દિન સૂત્ર સાથે ભાજપે કર્યો હતો પરંતુ અચ્છે દિન તો સરકારના આવ્યા છે, લોકો માટે તો બુરે દિન શરૂ થઈ ચૂક્યાં છે.

### PM મોદીના બાળપણ આધારિત ફિલ્મ 'ચલો જીતે હૈ' નહીં પણ 'ચલો જીતતે હૈ' બની શકે છે

**જૂના ડીઝલ વાહનો સ્ક્રેપ ન કરો, રેટ્રોફિટીંગ કરો...**

ગુજરાતમાં ફરતા જૂના ડીઝલ વાહનોના પ્રદૂષણને ઘટાડવા માટે એક નવી પદ્ધતિ શરૂ થઈ રહી છે અને તેને રેટ્રોફિટીંગ કહેવામાં આવે છે. ભારત સરકારે માન્યતા આપ્યા પછી હવે ગુજરાતમાં પણ તેનો વિધિવત પ્રારંભ થશે. આ પદ્ધતિની મદદથી હાઈબ્રીડ એટલે કે જૂના કોમર્શિયલ અને પ્રાઈવેટ વાહનને ઈલેક્ટ્રિક વ્હિકલમાં મોડીફાઈડ કરવામાં આવે છે. સીએનજીની જેમ ઈલેક્ટ્રિક કીટના ઉત્પાદકોના રજીસ્ટ્રેશનની યાદી બહાર પાડવામાં આવ્યા પછી તે ઉત્પાદકો જૂના વાહનોને ઈલેક્ટ્રિક વાહનમાં કન્વર્ટ કરી આપશે. આવા રૂપાંતરણનો ખર્ચ એક લાખ રૂપિયા કરતાં ઓછો હશે. જો કે, તેનું પ્રમાણ વધે તેની સાથે તેના ખર્ચમાં ઘટાડો થશે. હાલ રાજ્યનો વાહન વ્યવહાર વિભાગ કેન્દ્રના નોટીફિકેશનનો અભ્યાસ કરી રહ્યો છે. સરકારે આ સિસ્ટમ એડોપ્ટ કરવી જ જોઈએ, કારણ કે રાજ્યમાં ૧૫ વર્ષ જૂના વાહનોની સંખ્યા મોટી માત્રામાં છે તેને સ્ક્રેપ કરવાની જગ્યાએ રેટ્રોફિટીંગ કરવામાં આવે તો વાહનમાલિકના રૂપિયા બચી શકે અને પ્રદૂષણની માત્રા શૂન્ય થઈ શકે.



**નર્મદાના કિનારે મીઠાના ખડકો ઉભા થઇ રહ્યાં છે...**

ભરૂચ જિલ્લાના નર્મદા ડેમના ગ્રામ્ય વિસ્તારમાં દરિયાના ખારા પાણી ઘુસી જતાં નર્મદાનો કિનારો સોલ્ટપામમાં ફેરવાઈ જવાની દહેશત ઉભી થઈ છે. ખંભાતના અખાતથી ૪૦ કિલોમીટરના નર્મદાકાંઠાના વિસ્તારમાં ખારા પાણીએ કેર વર્તાવ્યો છે. ઓછામાં ઓછી ૧૦,૦૦૦ હેક્ટર જમીન ધોઈ નાંખી છે. ખારા પાણીથી પ્રભાવિત નર્મદાકાંઠાના ૧૮ ગામોની ગ્રામસભામાં આ ઈસ્યુ રેઈઝ કરવામાં આવ્યો હતો. આ ગામના સરપંચોએ મળીને જિલ્લા કલેક્ટરને રજૂઆત પણ કરી છે. આ ગ્રામજનોની માગણી છે કે નર્મદા ડેમમાંથી પાણી નદીમાં વહાવવામાં આવે તો સોલ્ટપામ બનેલા વિસ્તારોની જમીન સુધરી શકે તેમ છે. ૨૦૧૩માં નિરીએ નર્મદા નદીમાં ખારાશનું પ્રમાણ વધી રહ્યું હોવાનો સ્ટડી કર્યો હતો. આ સંસ્થાએ તેના રિપોર્ટમાં સ્પષ્ટ જણાવ્યું હતું કે નર્મદાના કિનારામાં ખારાશનું પ્રમાણ ૨૦૦૦ની સાલમાં ૪૩ ટકા હતું તે વધીને ૮૭ ટકા નોંધવામાં આવ્યું છે. એટલું જ નહીં નર્મદા કન્ટ્રોલ ઓથોરિટીએ ખારા પાણી નર્મદામાં ઘુસી રહ્યાં હોવા અંગે ગુજરાત સરકારને ચેતવણી પણ આપી હતી પરંતુ રાજ્ય સરકારે આ દિશામાં કોઈ પગલાં ભર્યા નથી.

**મોદી આધારિત ફિલ્મ ચૂંટણીમાં મદદ કરી શકે છે...**

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જીવન પર આધારિત એક શોર્ટ ફિલ્મ ×ચલો જીતે હૈ× ટૂંક સમયમાં રિલીઝ થવાની છે. આ ફિલ્મને લઈને રાજકારણમાં ધૂમ મચી છે, કારણ કે લોકસભાની ચૂંટણી આવી રહી છે ત્યારે મોદીની ફિલ્મ ભાજપ અને મોદીને ફાયદો કરાવી શકે છે. ભારતમાં ભાજપને જો ચૂંટણી જીતવી હોય તો મોદીને જ આગળ કરવા પડે તેમ છે કેમ કે તેઓ પાર્ટીના એવા નેતા છે કે જે ભારત જ નહીં વિશ્વના દેશોમાં લોકપ્રિય છે. ભાજપના એકમાત્ર સ્ટાર પ્રચારક છે. એવો પ્લાન છે કે લોકસભાની ચૂંટણી પહેલાં નરેન્દ્ર મોદીના જીવન પર આધારિત ઠચલો જીતે હૈઠ ઉપરાંત બીજી બે શોર્ટ ફિલ્મો રિલીઝ કરવામાં આવી રહી છે. આ ફિલ્મ ઈન્ટરનેટ પર તેમજ ટીવી ચેનલોમાં દર્શાવવામાં આવશે. તે મલ્ટીપ્લેક્સમાં રિલીઝ નહીં થાય કારણ કે તેની લંબાઈ માત્ર ૩૫ મિનિટની છે. આ ફિલ્મ મોદીના બાળપણ આધારિત છે. ફિલ્મમાં બાળકના પાત્રનું નામ નારૂં છે. ફિલ્મનું શૂટીંગ ગુજરાતના વડનગરના રેલવે સ્ટેશન પર થયું છે કે જેમાં મોદી બાળપણમાં ચાય વેચતા હતા. રાષ્ટ્રીય એવોર્ડ વિનર મંગેશ હડાવલેએ આ ફિલ્મ બનાવી છે. સૂત્રો કહે છે કે લોકસભાની ચૂંટણી પહેલાં આ પ્રકારની બીજી બે ફિલ્મો નેટ પર આવી રહી છે.

### મધ્યમ વર્ગ માટે અચ્છે દિન તો ન આવ્યા પરંતુ સરકાર માટે અચ્છે દિન છે, તિજોરી ફુલ છે

**૧૮ ટકા પ્રોજેક્ટ ડ્રોપ થાય તેને નિષ્ફળતા ન કહેવાય...**

ગુજરાતમાં ૨૦૧૧, ૨૦૧૩, ૨૦૧૫ અને ૨૦૧૭માં ચાર વાયબ્રન્ટ સમિટ થયા હતા જેમાં થયેલા કુલ ૭૨,૧૭૭ એમઓયુ પૈકી ૧૫.૩૬૯ પ્રોજેક્ટ ડ્રોપ થયા છે. પડતા મૂકાયેલા આ પ્રોજેક્ટમાં સૌથી મોટું કારણ સરકારની વિવિધ મંજૂરીઓમાં થતો વિલંબ અને કંપનીએ દર્શાવેલી અનિચ્છા મુખ્ય છે. અર્બન ડેવલપમેન્ટ સ્ટેટની છાપ ધરાવતા ગુજરાતમાં સૌથી વધુ અર્બન ડેવલપમેન્ટના ૧૧૮૬ પ્રોજેક્ટ ડ્રોપ થયા છે. રાજ્યની આ ચાર વાયબ્રન્ટ સમિટમાં ઉદ્યોગજૂથોએ કુલ ૮૩,૮૩,૧૮૩ કરોડ રૂપિયાનું મૂડીરોકાણ કરવાના દાવા કર્યા છે. રાજ્યમાં ડ્રોપ થયેલા પ્રોજેક્ટની ટકાવારી ૧૮ ટકા સુધી પહોંચી છે પરંતુ તેના મૂડીરોકાણના આંકડા બહાર આવ્યા નથી. જો કે મોટાભાગે માઈક્રો, લઘુ અને મધ્યમ ઉદ્યોગોના એમઓયુ ડ્રોપ થયેલા છે. સરકારે એમએસએમઈના ઈમ્પ્લિમેન્ટેશન માટે અલગ કમિશનરેટ બનાવ્યું છે છતાં આ વિભાગના સૌથી વધુ એમઓયુ ડ્રોપ થાય છે તે સરકાર માટે ગંભીર બાબત છે. ગુજરાતની નવમી વાયબ્રન્ટ સમિટ જાન્યુઆરી ૨૦૧૯માં યોજાઈ રહી છે ત્યારે સરકારે આપેલા સત્તાવાર આંકડા પ્રમાણે પ્રોજેક્ટ ડ્રોપ થવાની સંખ્યા વધતી જાય છે. જો કે મુખ્યમંત્રી વિજય રૂપાણીએ એવી જાહેરાત પણ કરી છે કે નવમી ગુજરાત વાયબ્રન્ટ સમિટમાં અગાઉની તમામ વાયબ્રન્ટ સમિટનું સરવૈયું મૂકશે કે જેથી ઉદ્યોગજૂથોને વાસ્તવિકતાનો ખ્યાલ આવી શકે. આવું ગુજરાતમાં પહેલીવાર બની રહ્યું છે. જો કે ૧૮ ટકા પ્રોજેક્ટ ડ્રોપ થાય તેને નિષ્ફળતા તો ન કહેવાય...

**કોંગ્રેસને શું થયું છે?, સિક્રેટને જાહેર કરી રહી છે...**

કહેવાય છે કે કોંગ્રેસના ચૂંટણી ઢંઢેરા બનાવતા નિષ્ણાંતો મહેનત તો ખૂબ કરે છે પરંતુ કોંગ્રેસમાં કોઈ સિક્રેટ બાબત છૂપી રહી શકતી નથી. લોકસભાની ચૂંટણીને હજી નવ મહિનાની વાર છે ત્યારે કોંગ્રેસે વિચારેલી ફોર્મ્યુલાની ડિલીવરી ભાજપ સિઝેરિયન કરીને વહેલી કરી શકે છે. એટલે કે -- કોંગ્રેસે કહ્યું છે કે તે સત્તા પર આવશે તો ૩૫ કે તેથી નીચેની વયના વ્યક્તિને ઈન્કમટેક્સમાંથી મુક્તિ અપાશે. યુવાનોને આકર્ષવાનો આ અભિગમ ઉત્તમ છે પરંતુ વહેલી જાહેરાત થતાં તે મુદ્દો ભાજપના નિશાના પર આવી ચૂક્યો છે. ભૂતકાળમાં ૨૦૧૨ની વિધાનસભાની ચૂંટણી પહેલાના કોંગ્રેસના ઢંઢેરામાં ઘરનું ઘર યોજના હતી જેને ભાજપે આબેહૂબ નકલ કરીને ઉપાડી લીધી હતી. આ મુદ્દાનું પણ કોંગ્રેસમાં બાળમરણ થઈ શકે છે.